પ્રકરણ 8

# વિવિધતામાં એકતા અથવા 'અનેકમાં એક'

*હે ઈશ્વર ! મારી આ પ્રાર્થનાનો સ્વીકાર કરો કે હું વિવિધતામાં એકતાના સ્પર્શનો આનંદ કદી ગુમાવું નહીં.*

*- રવીન્દ્રનાથ ટાગોર*

*વિવિધતામાં એકતાનો સિદ્ધાંત હંમેશાં (ભારત માટે) સહજ છે. અને તેનું પાલન તેના અસ્તિત્વનો મૂળભૂત માર્ગ અને સ્વભાવ છે તે એકતાના આ ભાવને તેના સ્વભાવ અને સ્વધર્મના મજબૂત પાયા પર સ્થાપિત કરશે.*

*— શ્રી અરવિંદ*



## મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ?

1. ભારતીય પરિપ્રેક્ષ્યમાં વિવિધતામાં એકતાનો શું અર્થ થાય છે ?
2. ભારતની વિવિધતાના કયાં પાસાં સૌથી વધુ નોંધપાત્ર છે ?
3. આપણે વિવિધતામાં રહેલી એકતાને કેવી રીતે ઉજાગર કરીએ છીએ ?

0681CH08

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સમૃદ્ધ વિવિધતા (A Rich Diversity)

જો તમે ભારતમાં ટ્રેન દ્વારા મુસાફરી કરો છો, તો તમે ફક્ત બદલાતાં ભૂમિદૃશ્યો (Landscape) જ નહીં પણ વિવિધ પ્રકારના પોશાક અને ખોરાક જોશો. તમે રસ્તામાં જાણીતી અને અજાણી ભાષાઓ સાંભળશો અને અલગ-અલગ લિપિઓ જોશો. તમારા વિસ્તારમાં પણ તમને ભારતના વિવિધ ભાગોના અલગ-અલગ રિવાજો અને પરંપરાઓ ધરાવતા લોકો મળશે. આ ભારતની સમૃદ્ધ વિવિધતા છે અને તે સામાન્ય રીતે આપણા દેશમાં આવતા મુલાકાતીઓને પ્રભાવિત કરનારું પાસું છે.

1.4 અબજથી વધુ રહેવાસીઓ (વિશ્વની વસતીના લગભગ 18 ટકા) ધરાવતા દેશમાં આવી વિવિધતાની નવાઈ નથી. 20મી સદીના અંતમાં, ભારતની રાષ્ટ્રીય સંસ્થા, એન્થ્રોપોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાએ દેશનાં તમામ રાજ્યોમાં 4635 સમુદાયોના ‘પીપલ ઓફ ઈન્ડિયા પ્રોજેક્ટ’ નામનો એક વિશાળ સર્વેક્ષણનો પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. તેમાં 25 લિપિઓનો ઉપયોગ કરીને 325 ભાષાઓની ગણતરી કરી નોંધ્યું કે ઘણા ભારતીયોને સ્થળાંતરિત પણ કહી શકાય. કારણ કે, તેઓ તેમના જન્મસ્થળ નજીક અથવા તેમના મૂળ સમુદાય સાથે રહેતા નથી.

### ચાલો, શોધીએ



વર્ગ પ્રવૃત્તિ (1) ઓછામાં ઓછા 5 મિત્રો અને તેમનાં માતાપિતાનાં જન્મસ્થળ અને (2) વિદ્યાર્થીઓની માતૃભાષા (Mother Tongues) અને તેઓ જાણતા હોય તેવી અન્ય ભાષાઓની યાદી બનાવો. વિવિધતાના સંદર્ભમાં તેની વિવિધતાનાં પરિણામોની ચર્ચા કરો.

વિવિધતા ખરેખર સુંદર છે, પરંતુ તેને સમજવી એટલી સરળ નથી. એક સદી પહેલાં, બ્રિટિશ ઇતિહાસકાર વિન્સેન્ટ સ્મિથે આશ્ચર્યચકિત થઈને કહ્યું કે...

“આટલી આશ્ચર્યજનક વિવિધતા હોવા છતાં ભારતના ઇતિહાસનું લેખન કેવી રીતે લખી શકાય ? આ પ્રશ્નનો જવાબ એ વાસ્તવિકતામાં ભારત **વિવિધતામાં એકતા** ધરાવે છે.”


“વિવિધતામાં એકતા”નો અર્થ શું છે ? આપણે આ એકતા અથવા ‘એકમાં અનેક’ને કેવી રીતે સમજીશું અને વ્યક્ત કરીશું ? આ પ્રશ્નના જવાબ માટે આપણે ભારતીય જીવનનાં કેટલાંક પાસાંને સમજવાનો પ્રયત્ન કરીશું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## બધા માટે ખોરાક

તમારામાથી કેટલાકે ભારતના વિવિધ પ્રદેશોના ખાદ્યપદાર્થોનો સ્વાદ ચાખ્યો હશે. તમને એ જાણીને આશ્ચર્ય થશે કે આપણા ભારત દેશમાં લાખોમાં તો નહીં પરંતુ હજારો પ્રકારની વાનગીઓ અને પકવાનનો સ્વાદ માણી શકાય છે. તેમ છતાં કેટલાંક ધાન્ય સામાન્ય છે. જેમકે ચોખા, જવ, ઘઉં, બાજરી, જુવાર અને રાગી તથા વિવિધ પ્રકારનાં કઠોળ અને દાળનો સમગ્ર ભારતમાં ઉપયોગ થાય છે.




*આકૃતિ 8.1. ભારતના જુદા જુદા પ્રદેશોમાંથી અનાજ અને કઠોળનાં કેટલાંક ઉદાહરણો*






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આ બધાંને ભારતનાં મુખ્ય ધાન્ય કહેવામાં આવે. કારણ કે, તે મોટાભાગના ભારતીયોનો મુખ્ય ખોરાક છે. (આકૃતિ 8.1, પેજ 127) તેવી જ રીતે હળદર, જીરુ, ઇલાયચી અને આદું જેવા કેટલાક સામાન્ય મસાલાઓનો પણ ઉપયોગ સમગ્ર દેશમાં થાય છે. આપણે આ યાદી કેટલાંક સામાન્ય શાકભાજી અને તેલ સાથે આગળ વધારી શકીએ છીએ.

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે કેવી રીતે એક જ ઘટકો (એકતા) નો ઉપયોગ કરીને વિવિધ પ્રકારની (વિવિધતા) અગણિત વાનગીઓ અને પકવાન બનાવાય છે.

## ચાલો, શોધીએ



→ વર્ગ પ્રવૃત્તિ તરીકે, તમારા ઘરમાં ઉપયોગમાં લેવામાં આવતી ખાદ્યસામગ્રી (અનાજ, મસાલા, વગેરે)ની યાદી બનાવો.

→ કોઈપણ એક શાકભાજી લો અને વિચારો કે તમે તેમાંથી કેટલા પ્રકારની વાનગીઓ બનાવી શકો છો ?

## કાપડ અને પોશાક (Textiles and Clothing)

ભારતના દરેક પ્રદેશના લોકોએ પોતાના પહેરવેશની શૈલી વિકસાવી છે. છતાં કેટલાક પરંપરાગત ભારતીય પહેરવેશમાં એક સામ્યતા જોવા મળે છે. પછી ભલે તેમાં ગમે તે પ્રકારની સામગ્રીનો ઉપયોગ કરવામાં આવેલ હોય તેનું સ્પષ્ટ ઉદાહરણ 'સાડી' છે, જે ભારતના મોટાભાગના પ્રદેશોમાં પહેરવામાં આવતું લાંબુ વસ્ત્ર છે જે મોટા ભાગે વિવિધ પ્રકારના સૂતર અથવા દોરાથી બનેલી છે. તે રેશમના વિવિધ દોરામાંથી પણ બનાવવામાં આવે છે, પરંતુ આજકાલ તે કૃત્રિમ રેસામાંથી પણ બનાવાય છે. બનારસી, કાંજીવરમ, પૈઠણી, પાટણનાં પટોળાં, મુગા અથવા મૈસુર આ રેશમી સાડીઓના કેટલાક પ્રખ્યાત પ્રકારો છે. અન્ય પ્રકારની સુતરાઉ સાડીઓ પણ છે. ટૂંકમાં સાડીઓની સેંકડો વિવિધતાઓ છે.



*ચિત્ર 8.2 વૈશાલી (વર્તમાન બિહારમાં)સાડી પહેરેલી એક સ્ત્રીની પથ્થર પર કોતરેલી આકૃતિ.*





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સાડીને વણાટ અને ભાતની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરી તૈયાર કરવામાં આવે છે (આકૃતિ 8.3). કેટલીક ભાત કાપડના વણાટથી બને છે. જ્યારે કેટલીક ભાત કાપડ વણ્યા પછી તેના પર છાપવામાં આવે છે. તેમાં રંગોની અગણિત વિવિધતા છે. જે વિવિધ રંગોમાંથી બનાવવામાં આવે છે.

સાડીનો ઇતિહાસ ઘણો જૂનો છે. કેટલીક સદીઓ પૂર્વ (BCE) વૈશાલી (હાલ બિહાર)માંથી પથ્થર પરના શિલ્પમાં સાડી પહેરેલી એક સ્ત્રી **કોતરણી**થી દર્શાવેલ છે. (ચિત્ર 8.2 પેજ 128 દર્શાવેલું છે)

### ચાલો, શોધીએ

સાડીનું ઉદાહરણ એકતા અને વિવિધતા બન્ને કેવી રીતે પ્રતિબિંબિત કરે છે તે (100-150 શબ્દોમાં) સમજાવો.



*ચિત્ર 8.3 રંગબેરંગી ભારતીય સાડીઓ*



### ચૂકશો નહીં

ઘણા લાંબા સમય સુધી, ભારત વિશ્વના શ્રેષ્ઠ સૂતરનું ઉત્પાદન કરતું હતું અને તે કાપડને યુરોપ જેવા દૂરના સ્થળોએ નિકાસ કરતું હતું. 17મી સદીમાં, સુતરાઉ કાપડ પર છાપાયેલી ડિઝાઈન 'છીંટ' યુરોપમાં એટલી લોકપ્રિય બની હતી કે તેના કારણે યુરોપિયન વસ્ત્રોના ભાવમાં ભારે ઘટાડો થયો હતો. આખરે પોતાનાં ઉત્પાદનોને સુરક્ષિત રાખવા માટે ઇંગ્લેન્ડ અને ફ્રાન્સે ભારતમાંથી 'છીંટ'ની આયાત પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવો પડ્યો...!

**કોતરણી :** સપાટ સપાટી પર કોતરેલી ભાત જે સપાટ સપાટીથી અલગ તરી આવે છે. (જે પથ્થર, લાકડું સિરામિક અથવા અન્ય સામગ્રીની હોઈ શકે છે.)


સાડી પહેરવાની ઘણી ઢબ છે. આ દરેક પ્રદેશ અને સમુદાયમાં જુદી જુદી હોય છે. વાસ્તવમાં પહેરવાની નવી ઢબ હજુ પણ શોધાઈ રહી છે, પરંતુ આખરે સાડી એક પ્રકારનું વસ્ત્ર છે.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in










*ચિત્ર 8.4 સ્ત્રીઓ સાડીનો પહેરવેશ ઉપરાંત અન્ય ઉપયોગ કરે છે. (દક્ષિણ ભારતનાં ચિત્રો)*

ભૂતકાળની સદીઓમાં ભારતમાં આવેલા ઘણા પ્રવાસીઓ સાડીની સાદગી, સુલભતા અને તેને પહેરવાની વિવિધ ઢબથી પ્રભાવિત થયા હતા. સ્ત્રીઓ ઘણીવાર સાડીનો ઉપયોગ પહેરવેશ ઉપરાંત અન્ય હેતુઓ માટે પણ કરે છે. ચિત્ર 8.4 માં છ ચિત્રો દ્વારા સાડીના કેટલાક સર્જનાત્મક ઉપયોગો દર્શાવવામાં આવ્યા છે.




## ચાલો, શોધીએ

- ઉપરનાં ચિત્રોમાં તમે જાણી શકો છો કે સાડીનો ઉપયોગ શેના માટે કરવામાં આવ્યો છે ?
- શું તમે સાડીના વધુ ઉપયોગો વિશે જાણો છો, અથવા તમે સાડીના બીજા ઉપયોગો વિશે કલ્પના કરી શકો છો ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in









→ સાડીનાં ઉદાહરણને અનુસરીને તમે ધોતી માટે જોયેલી વિવિધ શૈલીઓની યાદી બનાવો. કાપડ અને ધોતીના ઉપયોગો એમ બંને માટે તમે કયું તારણ કાઢી શકો છો ?

## તહેવારોની વિવિધતા (Festivals Galore)


ભારતમાં તહેવારોની ઘણી વિવિધતા જોવા મળે છે. તમે કદાચ જોયું હશે કે કેટલાક તહેવારો લગભગ એક જ સમયે ઉજવવામાં આવે છે, ભલે તેમનાં નામ અલગ અલગ હોય. આપણે ફક્ત એક જ ઉદાહરણ લઈએ - મકરસંક્રાંતિ, જે 14મી જાન્યુઆરી આસપાસ ભારતના વિવિધ ભાગોમાં લણણીના સમયની શરૂઆત દર્શાવે છે.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આકૃતિ (8.5)માં એક જ તારીખે ભારતભરમાં ઉજવાતા એક જ તહેવારનાં વિવિધ નામો દર્શાવ્યાં છે.




*આકૃતિ 8.5 ભારતમાં એક જ તારીખ પર એકજ તહેવારનાં જુદાં જુદાં નામ દર્શાવે છે.*

**ચાલો, શોધીએ**

→ તમારો મનપસંદ તહેવાર કયો છે અને તમારા પ્રદેશમાં તે કેવી રીતે ઉજવવામાં આવે છે ? તમે જાણો છો કે તે ભારતના બીજા કોઈ ભાગમાં અન્ય કયા નામથી ઉજવવામાં આવે છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

→ ઑક્ટોબરથી નવેમ્બર દરમિયાન, ભારતમાં ઘણા તહેવારો ઉજવાય છે. દેશના વિવિધ ભાગોમાં ઉજવાતા કેટલાક મુખ્ય તહેવારો અને તેમનાં વિવિધ નામોની યાદી બનાવો.

## મહાકાવ્યનો વિસ્તાર (Epic Spread)

સાહિત્ય આપણને વિવિધતામાં એકતાનું બીજું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ભારતીય સાહિત્ય અત્યંત વૈવિધ્યસભર છે (વિશ્વમાં સૌથી સમૃદ્ધ સાહિત્યમાંનું એક છે.) સદીઓથી ભાષા અને લેખનશૈલીની ભિન્નતા છતાં, ભારતીય સાહિત્યે વિશ્વના મહત્ત્વપૂર્ણ વિષયો અને બાબતોને આવરી છે. ઉદાહરણ તરીકે, પંચતંત્ર વિશે કોણે સાંભળ્યું નથી ? પ્રાણીઓનાં મુખ્ય પાત્રો સાથેની આનંદદાયક વાર્તાઓના આ સંગ્રહ આપણને મહત્ત્વપૂર્ણ વ્યાવહારિકતા શીખવે છે. મૂળ સંસ્કૃત ગ્રંથ ઓછામાં ઓછો 2,200 વર્ષ જૂનો છે, પરંતુ તેની વાર્તાઓ લગભગ દરેક ભારતીય ભાષામાં અનુવાદિત કરવામાં આવેલી છે. હકીકતમાં, પંચતંત્રની કથાઓ એ ભારતથી આગળ દક્ષિણપૂર્વ એશિયા, આરબ વિશ્વ અને યુરોપ સુધી પ્રવાસ કર્યા છે, એક અનુમાન મુજબ 50થી વધુ ભાષામાં પંચતંત્રના લગભગ 200 જેટલાં સંસ્કરણો (રૂપાંતરણ) ઉપલબ્ધ છે. તેને આ સાહિત્ય માર્ગ પર વાર્તાઓના નવા સંગ્રહોને પ્રેરણા આપી છે. આ દર્શાવે છે કે એક કથા સંગ્રહ કેવી રીતે અનેકમાં પરિવર્તિત થઈ ગયો.

જો કે, ભારતના સૌથી વધુ પ્રભાવશાળી બે **મહાકાવ્યો** - રામાયણ અને મહાભારત છે.

**મહાકાવ્ય (Epic) :** એક લાંબી કવિતા જે ભૂતકાળની મહાન હસ્તીઓ, નાયકો અને અન્ય લોકોના સાહસ અને પરાક્રમોનું વર્ણન કરે છે.

પોતાનાં મૂળ સંસ્કરણોમાં લગભગ 7000 પાનામાં સમાયેલાં આ બંન્ને સંસ્કૃત મહાકાવ્યો છે. જેમાં કથાનાયક ધર્મની પુનઃસ્થાપના માટે યુદ્ધ કરે છે. મહાભારતમાં પાંડવો શ્રીકૃષ્ણની મદદથી તેમના પોતાના પિતરાઈ ભાઈઓ કૌરવો સાથે પોતાનું રાજ્ય પાછું મેળવવા યુદ્ધ કરે છે. તે બાબત દર્શાવેલી છે. રામાયણમાં પણ શ્રીરામ પોતાના ભાઈ લક્ષ્મણ અને હનુમાનજીની સહાયતાથી રાક્ષસ રાવણને હરાવે છે, જેણે તેમના પત્ની સીતાનુ અપહરણ કર્યું હતું. આ કથામાં કેટલીક નાની કથાઓ/ઉપકથાઓ પણ છે જે નૈતિક મૂલ્યો ઉપર કેન્દ્રિત છે. અને સતત એ પ્રશ્ન પૂછે છે કે શું સત્ય છે અને શું અસત્ય છે ?




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



*ચિત્ર 8.6 રામાયણની એક મુખ્ય ઘટનાને દર્શાવતું ચિત્ર (18 મી સદી, હિમાચલ પ્રદેશ)*

### ચાલો, શોધીએ



ઉપરોક્ત ચિત્ર 8.6માં બતાવેલ ચિત્રમાં દર્શાવેલ ઘટના સાથે સંકળાયેલ વિગતોની વર્ગમાં ચર્ચા કરો.

2000 વર્ષથી પણ વધારે સમયથી આ બે મહાકાવ્યોનું ભારત અને ભારતની બહાર અનુવાદ અને રૂપાંતર કરવામાં આવ્યું છે. તેની સાથે તેના અસંખ્ય લોકસંસ્કરણો પણ છે. કેટલાંક વર્ષો પહેલાં, એક વિદ્વાને તમિલનાડુમાં હાથ ધરેલ મોજણીમાં લોકકથાઓ સ્વરૂપે મહાભારતની ગણતરી કરી હતી, અને તેનાં લગભગ 100થી વધુ સ્વરૂપો નોંધ્યાં છે. ભારતમાં આ લોકકથાઓની કેટલી સંખ્યા હશે ?

હકીકતમાં, ઘણા સમુદાયો પાસે રામાયણ અને મહાભારતનાં પોતાનાં સંસ્કરણો છે. તેમણે આ મહાકાવ્યો સાથે પોતાના ઇતિહાસ સાથે જોડતી દંતકથાઓ પણ જાળવી રાખી છે.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ભીલ, ગોંડ, મુંડા જેવા ભારતના ઘણા બધા અન્ય જનજાતિ સમુદાયોના સંદર્ભમાં આ વાત સાચી છે. ભારતના પૂર્વોત્તર તથા જમ્મુ કશ્મીર સહિતના હિમાલયક્ષેત્રની મોટાભાગની જનજાતિઓ આ બે મહાકાવ્યો માંથી આ બંને મહાકાવ્યોની અથવા કોઈ એકની તેમની પોતાની લોકકથા પણ ઉપલબ્ધ છે. આ જનજાતિ રૂપાંતરણ મૌખિક રૂપે પ્રચલિત થયાં છે. તેની સાથે સાથે દંતકથાઓ પણ ફેલાઈ, જેમાં કોઈ પ્રકારે રામાયણ અને મહાભારતથી જોડાયેલાં પાત્રો (તમામ પાંડવો અથવા તેમાંથી કોઈ એક, તેમની પત્ની દ્રૌપદી, વળી ક્યારેક તેમનો શત્રુ અને પિતરાઈ ભાઈ દુર્યોધન) એ જનજાતિઓના સંબંધિત ક્ષેત્રોમાં વિચર્યા હતા.



*ચિત્ર 8.7 પાંચ પાંડવો*

*તમિલનાડુના નીલગિરિના જંગલોમાં પાંચ પાંડવોને દર્શાવતો એક પાષાણ શિલ્પ ઇરુલા જનજાતિ દ્વારા મંદિરમાં પથ્થરને સાચવી રખાયો છે. જે એ વાતનું સ્મરણ કરાવે છે કે પાંડવો વનવાસ દરમિયાન આ ક્ષેત્રમાંથી પસાર થયા હતા.*

નૃવંશશાસ્ત્રી કે. એસ. સિંઘ દ્વારા નિર્દેશિત પીપલ ઓફ ઈન્ડિયા (People of India) પ્રોજેક્ટ (પાના નંબર 126) પર ઉલ્લેખ કર્યો કે લોકકથાઓ અનુસાર "આ દેશમાં ભાગ્યે જ એવી જગ્યા હશે કે જ્યાં મહાનાયક પાંડવો પહોંચ્યા ન હોય." આ વાત રામાયણના સંદર્ભમાં પણ કહી શકાય છે. સદીઓથી કોઈ અન્ય ગ્રંથોની અપેક્ષામાં આ બે મહાકાવ્યોએ ભારત અને એશિયાના વિભિન્ન ભાગો વચ્ચે એક સાંસ્કૃતિક આદાન-પ્રદાનને ગાઢ રીતે સૂત્રબદ્ધ વિકસિત કર્યો છે. આ વિવિધતામાં એકતાનું વધુ એક ઉદાહરણ છે.

આ પ્રકરણના વિષયને વધુ સ્પષ્ટ કરવા માટે, આપણે આપણી યાત્રા ચાલુ રાખી શક્યા હોત અને ભારતીય સંસ્કૃતિનાં વધુ પાસાંઓ તરફ વળી ધ્યાન આપી શક્યા હોત. દા.ત. ભારતીય શાસ્ત્રીય કલાઓ, જેમાં શાસ્ત્રીય સ્થાપત્યનો પણ સમાવેશ થાય છે, તેમાં વિવિધતા અને એકતા બંન્નેને સરળતાથી જોઈ શકાય તેવાં છે. (તમે આ ક્ષેત્રોનો અભ્યાસ કલા અભ્યાસક્રમ દ્વારા કરશો.)

અંતે, આપણે એ યાદ રાખવું જોઈએ કે ભારતીય સંસ્કૃતિની વિવિધતાને સમાનતાના રૂપમાં પ્રસારિત કરે છે અને સાથે સાથે વિવિધતાને પોષતી એકતાની અંતર્ગત દૃષ્ટિ ગુમાવતી નથી.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## આપણે આગળ વધીએ તે પહેલાં...

→ ભારત ભૂમિદૃશ્ય, લોકો, ભાષાઓ, પહેરવેશ, ખોરાક, તહેવારો અને રિવાજોમાં વિવિધતા ધરાવે છે.

→ ઘણાં ક્ષેત્રોમાં વિવિધતા દૃષ્ટિગોચર થાય છે, પરંતુ તેમાં એકતા પણ સમાયેલી છે.

→ ભારતની એકતા વિવિધતાનો ઉત્સવ મનાવે છે, કારણ કે વિવિધતાને વિભાજિત કરતી નથી પરંતુ તે સમૃદ્ધ બનાવે છે.

## પ્રશ્નો, પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ

1. પ્રકરણની શરૂઆતમાં પેજ પર આપેલાં બે અવતરણો ઉપર વર્ગમાં ચર્ચા કરો.
2. રાષ્ટ્રગીતના આધારે તેમાં ક્યાં ક્યાં વિવિધતા અને એકતા જોવા મળે છે તેની નોંધ કરો.
3. પંચતંત્રમાંથી કેટલીક વાર્તાઓ પસંદ કરો અને ચર્ચા કરો કે તેમનો બોધ આજે પણ કેવી રીતે પ્રસ્તુત છે. તેની ચર્ચા કરો. શું તમને તમારા પ્રદેશની આવી જ કોઈ વાર્તાઓની ખબર છે ?
4. તમારા પ્રદેશમાંથી કેટલીક લોકવાર્તાઓ એકત્રિત કરો અને તેમના બોધની ચર્ચા કરો.
5. શું એવી કોઈ પ્રાચીન વાર્તા છે કે જેને તમે કલાના કોઈ સ્વરૂપ દ્વારા સાકાર થતી જોઈ છે ? તે શિલ્પ, ચિત્ર, નૃત્ય, ફિલ્મ હોઈ શકે છે. તમારા મિત્રો સાથે ચર્ચા કરો.
6. ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ સ્વાતંત્ર્ય પહેલાં ભારતના ઘણા ભાગોમાં પ્રવાસ કર્યો હતો. ત્યારે તેમના દ્વારા અપાયેલાં અવતરણની વર્ગમાં ચર્ચા કરો.

"બધે જ મને એક સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ જોવા મળી જેનો લોકોના જીવન પર ગાઢ પ્રભાવ પડ્યો. ભારતનાં પ્રાચીન મહાકાવ્યો, રામાયણ તેમ જ મહાભારત અને અન્ય ગ્રંથોના લોકપ્રિય અનુવાદો તેમજ ભાવાર્થો સામાન્ય લોકોમાં પ્રચલિત હતાં. ઘટના, કથા અને નૈતિક મૂલ્યો જ લોકોના મનમાં ઊંડાણપૂર્વક કોતરાઈ ગયાં હતાં. અને તેમના જીવનને સમૃદ્ધ તેમજ અર્થપૂર્ણ બનાવતા હતા. દરેક નિરક્ષર ગ્રામજનોને પણ સેંકડો શ્લોકો કંઠસ્થ હતા. અને તેમની વાતચીત આ ગ્રંથના સંદર્ભો અથવા તેમાંથી મળતા બોધપાઠ વાળી વાર્તાઓથી ભરપૂર રહેતી હતી. જે કોઈ પ્રાચીન ગ્રંથમાં સમાયેલી હતી.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in